ગાથા - ૧૭૭, ૧૭૮ : [illegible]

(૨૭-૬૧

① જોડકાં જોડો :-

1. સામાન્ય જ્ઞાનની અપેક્ષાએ	(A) પુદ્ગલાદિ દ્રવ્યો અજ્ઞાની છે, નિગોદનો જીવ જ્ઞાની છે.
2. સમ્યક્/મિથ્યા જ્ઞાનની અપેક્ષાએ	(B) મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની છે; સમ્યગ્દૃષ્ટિ જ્ઞાની છે.
3. સંપૂર્ણ/અપૂર્ણ જ્ઞાનની અપેક્ષાએ	(C) સમ્યગ્દૃષ્ટિ અજ્ઞાની છે; કેવળજ્ઞાની જ્ઞાની છે.

② સાચું કે ખોટું (T/F) જણાવો :-

1. આસ્રવના ચાર પ્રકારના કારણો મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ અને કષાય છે.
2. આસ્રવના ચાર પ્રકારના કારણો મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ છે. અહીં પ્રમાદને કષાયમાં ગર્ભિત ગણવામાં આવ્યો છે.
3. અજ્ઞાની જીવ પણ સમ્યગ્જ્ઞાની હોઈ શકે છે.
4. સમ્યગ્દૃષ્ટિને રાગ દ્વેષ મોહ નથી કારણ કે સમ્યગ્દૃષ્ટિપણાની અન્યથા અનુપપત્તિ છે એટલે કે રાગદ્વેષ મોહ પણ વિદ્યમાન હોય અને સમ્યગ્દૃષ્ટિપણું પણ હોય એમ બની શકતું નથી.
5. જીવ જો રાગદ્વેષમોહ કરે તો જ જૂના કર્મો નવા કર્મબંધનું કારણ બને છે.
6. રાગદ્વેષમોહ નવા કર્મબંધના હેતુપણાના હેતુઓ છે એટલે જીવના રાગદ્વેષમોહ નવા કર્મબંધ થવાના ઉપાદાનકારણના ઉપાદાનકારણ છે.
7. જીવના રાગદ્વેષ મોહ નવો કર્મબંધ થવાના ઉપાદાનકારણના નિમિત્તકારણ છે.
8. જીવના રાગદ્વેષ મોહ નવો કર્મબંધ થવાના નિમિત્તકારણના નિમિત્તકારણ છે.
9. પૂ. ગુરુદેવશ્રીના હાથમાં રહેલ લાકડી તેઓશ્રીના હાથને આધારે રહી છે.
10. પૂ. ગુરુદેવશ્રીના હાથમાં રહેલ લાકડી તેના પોતાના આધાર નામના ગુણને કારણે રહેલ છે.
11. હેતુના હેતુના અભાવમાં હેતુમાન [કાર્ય]નો અભાવ પ્રસિદ્ધ છે.
12. હેતુ [જીવના રાગદ્વેષ]ના હેતુ [પૂર્વબદ્ધ કર્મો]ના અભાવમાં હેતુમાન [નવા કર્મબંધ]નો અભાવ પ્રસિદ્ધ હોવાથી જ્ઞાનીને બંધ નથી - એમ આ ગાથાઓમાં કહ્યું છે.
13. હેતુ [પૂર્વબદ્ધ કર્મો]ના હેતુ [જીવના રાગદ્વેષમોહ]ના અભાવમાં હેતુમાન [નવા કર્મબંધ]નો અભાવ પ્રસિદ્ધ હોવાથી જ્ઞાનીને બંધ નથી - એમ આ ગાથાઓમાં કહ્યું છે.
14. સમ્યગ્દૃષ્ટિને આસ્રવ તથા બંધ નથી એ સમ્યગ્દર્શનનું માહાત્મ્ય છે.

③ સાચું કે ખોટું (T/F) જણાવો :-

1. નિશ્ચયથી પણ થાય અને વ્યવહારથી પણ થાય; ઉપાદાનથી પણ થાય અને નિમિત્તથી પણ થાય - આ સમ્યક્ અનેકાંત છે.
2. નિશ્ચયથી થાય અને વ્યવહારથી ન થાય; ઉપાદાનથી થાય અને નિમિત્તથી ન થાય - આ સમ્યક્ અનેકાંત છે.